**GJAN080005442025**

**-:નમુનો-અ:-** આંક-

| ઉમરેઠના મહેરબાનશ્રી પ્રિન્સિપાલ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં મુકામ: ઉમરેઠ .<br>ચુકાદાની તારીખ : ૧૦/૦૮/૨૦૨૬<br>ફોજદારી કેસ નં. : ૩૭૩/૨૦૨૫ | |
|---|---|
| **ગુનાની વિગત** | |
| ગુનાની કલમ | **ધી પ્રોહીબીશન એકટ ની કલમ-૬૫(એ)(એ),૧૧૬(ખ) મુજબ** |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | પ્રોહિ.ગુ.ર.નં.૧૧૨૧૫૦૩૫૨૪૦૬૧૪/૨૪ |
| પોલીસ સ્ટેશન | પોલીસ સ્ટેશન -ઉમરેઠ |
| ફરીયાદીપક્ષ | સરકારશ્રી |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી : **જે.સી.બારોટ** |
| આરોપીપક્ષ | **આરોપીઃ૧) ધર્મેશભાઇ રમેશભાઇ વાઘરી,** ઉ.વ.૧૯, રહે. બેઠવા, ગાયત્રી મંદીર પાસે, તા. ઉમરેઠ, જી.આણંદ. |
| રજુઆત | વિ.વકીલશ્રી : આરોપી તર્ફેઃ એમ.આર.તળપદા |

**-:નમૂનો-બ:-**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૦૪/૧૨/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૪/૧૨/૨૦૨૪ |

| | |
|---|---|
| આખરી અહેવાલની તારીખ | ૧૯/૦૩/૨૦૨૫ |
| તહોમતનામુ ધડયાની તારીખ | ૨૪/૦૨/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૭/૦૩/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૦/૦૮/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૦/૦૮/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | – |

**::આરોપીની વિગત::**

| આરોપી નો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૨૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧. | ધર્મેશભાઇ રમેશભાઇ વાઘરી | ૦૪/૧૨ /૨૪ | – | ધી પોહી એકટ ની કલમ– ૬૫(એ)(એ), ૧૧૬ (ખ), | નિર્દોષ છોડયા | – | – |

**::નમૂનો ક::**

## ફરિયાદી / બચાવ / ન્યાયાલય ના સાક્ષીની યાદી

**અ. ફરિયાદ પક્ષ**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સા. ૧ | અજીતસિંહ નરવતસિંહ સોઢાપરમાર | ફરિયાદી |
| ફ.સા.૨ | અશોકકુમાર કાંતિલાલ સાકલા | પંચ–સાહેદ |
| ફ.સા.૩ | સંજયભાઇ અંબાલાલ તળપદા | પંચ–સાહેદ |
| ફ.સા.૪ | જીતેન્દ્રકુમાર પ્રવિણભાઇ | ત.ક.અ. |

## ફરીયાદી / બચાવ / ન્યાયાલય ના આંકની યાદી

**અ. ફરિયાદ પક્ષ**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૭ | પંચ સાહેદ–અશોકકુમાર કાંતિલાલ સાકલાની જુબાની |
| ૨ | ૦૮ | પંચનામું |
| ૩ | ૦૯ | પંસ સાહેદ–સંજયભાઇ અંબાલાલ તળપદાની જુબાની |
| ૪ | ૧૨ | ફરિયાદી–અજીતસિંહ નરવતસિંહ સોઢાપરમારની જુબાની |
| ૫ | ૧૩ | ફરિયાદ |
| ૬ | ૧૭ | ત.ક.અ.– જીતેન્દ્રકુમાર પ્રવિણભાઇની સોગંદ ઉપર જુબાની |
| ૭ | ૧૮ | રવાનગી પત્રક |

## ::–ચુકાદો–::

### (૧) કેસની ટૂંકી હકીકત :–

ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત જોઇએ તો ગુનો–પ્રોહી એક્ટ કલમ–૬૫ (એ.એ.), ૧૧૬(ખ) મુજબ આરોપીએ તા.૦૪/૧૨/૨૦૨૪ ના કલાક ૨૦/૪૫ વાગે મોજે થામણા રામદેવપીરના મંદીર નજીક રોડ ઉપર

વગર પાસ પરમીટનો ભારતીય બનાવટના વિદેશી દારુના પ્લાસ્ટીકના ક્વાર્ટર ના નંગ–૨ પોતાની કમરના ભાગે સંતાળી રાખી મળી આવેલ, જે બે પ્લાસ્ટીકના ક્વાર્ટર ઉપર અંગ્રેજીમા રોક્ષી ગ્રીન એપલ વોડકા ફોર સેલ ઇન અરુણાચલ પ્રદેશ ઓન્લી લખેલ કંપની શીલબંધ પ્લાસ્ટીકના ક્વાર્ટસ નંગ–૨ કિ.રૂા.૨૦૦/– નો પ્રોહી મુદામાલ પોતાના કબજા ભોગવટામા સંતાડી રાખી જાહેરમાથી મળી આવી પકડાઇ જઈ ગુનો કર્યા વિ. બાબત ગુન્હો રજીસ્ટર થયેલ અને તપાસના અંતે તપાસ કરનાર અમલદાર ધ્વારા હાલના આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત નંબરથી અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

**<u>(૨) ન્યાયિક કાર્યવાહી :–</u>**

આરોપીઓ સામે ચાર્જશીટ રજૂ થતાં આરોપીઓ સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીઓને સમન્સ/વોરંટ ધોરણસર બજી જતાં જેનાં અનુસંધાને આરોપીઓ અત્રેની અદાલતમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ આરોપીઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ મુજબ ચાર્જશીટ તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ આંક –૦૪ થી તહોમતનામું ફરમાવી, આંક–૦૫ થી ગુન્હા અંગે સમજ આપવામાં આવતાં આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ. ત્યારબાદ ફરિયાદ પક્ષનો પુરાવો લેવામાં આવેલ.

<u>(૩)</u> ત્યારબાદ ફરીયાદ પક્ષે મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવતા આ કામના આરોપી આજ રોજ કોર્ટમાં હાજર છે, ફરિયાદપક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જયારે બાકીના પૂછવામાં આવેલ પ્રશ્નોનો ઈન્કારીયતભર્યો જવાબ આપી, વિશેષમાં રજૂઆત કરેલ છે કે તેઓ નિર્દોષ છે,

તેમની સામે ખોટો કેસ કરેલ હોવાનું અને ખોટું ચાર્જશીટ કરેલ છે.

<u>(૪)</u> ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી જે.સી.બારોટ ની મૌખિક દલીલો સાંભળી તથા વિ. વકીલશ્રી આરોપી તર્ફે એમ.આર.તળપદાની મૌખિક દલીલો સાંભળી.

## <u>-::મુદાઓ::-</u>

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૦૪/૧૨/૨૦૨૪ ના કલાક ૨૦/૪૫ વાગે મોજે થામણા રામદેવપીરના મંદીર નજીક રોડ ઉપર વગર પાસ પરમીટનો ભારતીય બનાવટના વિદેશી દારુના પ્લાસ્ટીકના ક્વાર્ટર ના નંગ-૨ પોતાની કમરના ભાગે સંતાળી રાખી મળી આવેલ, જે બે પ્લાસ્ટીકના ક્વાર્ટર ઉપર અંગ્રેજીમા રોક્ષી ગ્રીન એપલ વોડકા ફોર સેલ ઇન અરુણાચલ પ્રદેશ ઓન્લી લખેલ કંપની શીલબંધ પ્લાસ્ટીકના ક્વાર્ટસ નંગ-૨ કિ.રૂા.૨૦૦/- નો પ્રોહી મુદામાલ પોતાના કબજા ભોગવટામા સંતાડી રાખી જાહેરમાથી મળી આવી પકડાઇ જઈ પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(એ), ૧૧૬(ખ) મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે? |
| (૨) | શું હુકમ? |

<u>(૫)</u> ઉપરોકત મુદાઓના પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | **નકારમાં.** |
| (૨) | આખરી હુકમ મુજબ |

## <u>-::કારણો::-</u>

**<u>મુદા નંબર :- ૧</u>**

<u>(૬)</u> ફરિયાદ પક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા આ કામે ફરિયાદપક્ષ દ્વારા આંક-૦૭ અને આંક-૦૯ થી પંચસાહેદોને તપાસવામાં આવેલ. તેઓ પંચનામામાં પોતાની સહી હોવાની વાતનો

સ્વિકાર કરી અન્ય વિગતોનો ઈન્કાર કરતા આવેલ છે. આમ, આંક–૦૮ થી રજૂ થયેલ પંચનામું પુરવાર થતુ નથી.

(૭) ફરિયાદ પક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા આ કામે આંક–૧૨ થી ફરિયાદી અજીતસિંહ નરવતસિંહ સોઢાપરમારની જુબાની થયેલ છે. જેમાં તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતી જુબાની આપેલ છે. સદર શાહેદની ઉલટ તપાસ જોતા એ વાતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે બનાવ સ્થળ વાળી જગ્યા જાહેર રાજમાર્ગ આવેલ છે અને ત્યા વાહનોની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે પંચોના માણસોને કોણે બોલાવેલ તે મારી ફરીયાદમાં જણાવેલ નથી.એ વાત ખરી છે કે અમો જે ખાનગી વાહનમાં પેટ્રોલીગમાં નિકળેલા તેનો નંબર ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે અમે પેટ્રોલીગમાં કયા સમયે નિકળેલા તે ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે કહેવાતો કોઇ પ્રોહી મુદામાલ હાલના આરોપીઓ પાસેથી મળી આવેલ ન હોવા છતા આ કામના આરોપીઓ પર ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે ખોટી ફરીયાદને સમર્થન આપવા ખોટી જુબાની આપુ છું.

(૮) ફરિયાદ પક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા આ કામે આંક–૧૭ થી સદર કામના ત.ક.અ. જીતેન્દ્રસિંહ પ્રવિણભાઇ પ્રચદર્શીની જુબાની થયેલ છે. જેમાં તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતી જુબાની આપેલ છે. સદર શાહેદની ઉલટ તપાસ જોતા એ વાતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે, મે એફ.એસ.એલ રીપોર્ટ સદર કામમાં રજૂ કરેલ નથી. એ વાત ખરી છે કે, બનાવ સ્થળે વાહનની તથા વસ્તીની અવર–જવર રહે છે. એ વાત ખરી છે કે, આ કામે પોલીસ સાહેદ સીવાય બીજા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે મે તૈયાર પંચનામામાં પંચોની સહી કરાવી દીધેલ. એ વાત ખરી નથી કે આરોપીના કબજામાંથી કોઇ પ્રોહી મુદામાલ મળી આવેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો ન હોવા છતા મે ખોટી ચાર્જશીટ

કરેલ છે. એ વાત ખરી નથી કે ખોટી ફરીયાદ અને તપાસને સમર્થન આપવા ખોટી જુબાની આપુ છું.

(૯) આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે બનાવ સમયે હાલના આરોપીના કબજામાંથી દારૂ કબ્જે કરેલ હોવાનો અને પ્રોસીકયુશનનો કેસ છે. વધુમાં કહેવાતી ઝડતી વાળી જગ્યા જાહેર જગ્યા છે વધુમાં આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી અને તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલ તેમ જણાવેલ છે. વધુમાં ફરીયાદીની ફરીયાદ જોતા તેમાં કોઈ જગ્યાએ પંચોના નામ જણાવેલ નથી. જો ઝડતી કરતા અગાઉ પંચોને બોલાવેલ હોત તો તે હકીકત તેઓએ ફરીયાદમાં જણાવેલ હોત, પરંતુ આવી કોઈ હકીકત ફરીયાદમાં જણાવેલ નથી અને નહી જણાવવા સબંધે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. વધુમાં આ કામે ઝડતીવાળી જગ્યા જાહેર વિસ્તારમાં આવેલ હોવા છતાં કોઈ સ્વતંત્ર શાહેદ ના નિવેદનો લેવામાં આવેલ નથી. જો તેઓના નિવેદન લેવામાં આવેલ હોવા છતાં કોઈ  સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી તેમજ ઝડતી પંચનામામાં જગ્યાની ચર્તુ:દિશા પણ બતાવવામાં આવે છે. પંચોના નામ ફરીયાદમાં જણાવેલ ન હોય. જેથી પંચોની હાજરીમાં મુદામાલ કબ્જે કરેલ હોવાની હકીકત સબંધે શંકા ઉત્પન્ન થાય છે. વળી, **સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂધ્ધ ઓનકાર માનીક પટીલ (1980(2) MHLR 15)** માં પ્રસ્થાપ્રીત કરેલ છે કે, જયારે પંચ સાહેદ દવારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા   સં જોગોમાં ફરીયાદીની જુબાની પર આધાર રાખી શકાય નહી. વધુમાં **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ સુરેશભાઈ એસ. પટેલ (૨૦૧૧(૨૬) જી. એચ. જે. ૦૧)**માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે પંચ સાહેદો ફરીયાદપક્ષે કરી ગયેલ સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરીયાદીના પુરાવા પર

આધાર રાખવો તે સલામતી ભર્યું ગણાય નહી. વધુમાં , **માનસિંગ મુળુભાઈ કાઠી દરબાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૧૨ જે. એકસ. (ગુજ) ૨૩૮)** માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, જો કોઈ પંચ સાહેદો ફરીયાદીના કેસને સમર્થન આપત પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મૃદામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય. સદર કામે પ્રમાણીત ટેસ્ટીગ લેબોરેટીરી તરફથી પકડાયેલ પ્રવાહી નશાકારક છે કે નહી, તે અંગેનો કોઈ રીપોંટ ફરીયાદ પક્ષ દવારા અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ નથી. તેમજ ફરિયાદી જુબાનીમાં ઉલટ તપાસ જોતા તેઓએ પેટ્રોલીંગ બુક નીભાવવાની હોય અને તો તે અંગેની નોંધ કરવાની હોય છે તેમ છતા તેઓ ધ્વારા સદર કામે પેટ્રોલીંગ બુકની નકલ રજુ રાખેલ નથી. તેમજ આ કામે જે ફરીયાદીનો પુરાવો રજુ થયેલ છે તે પોલીસ સાહેદ છે પરંતુ સદર સાહેદની જુબાનીમાં વિશ્વનીયતા જણાય આવતી નથી. ફરીયાદીના પુરાવાને જયાં સુધી તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન ન મળે ત્યાં સુધી તેનાં પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી. અને આ કામે તપાસેલ બંને પંચ સાહેદો તટસ્થ પંચ સાહેદો છે. તેમ છતાં તેઓએ આરોપીઓ પાસેથી કબ્જે કરેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી જે હકીકત ધ્યાને લેતા પણ ફરિયાદીનાં પુરાવાને જયાં સુધી તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન ન મળે ત્યાં સુધી તેનાં પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં. તેમજ ફરિયાદીની જુબાનીને સ્વતંત્ર સાહેદ કે પંચ સાહેદોનું સમર્થન મળેલ નથી. જેથી ફરીયાદી અને પોલીસ સાહેદોની જુબાનીમાં વિશ્વસનીયતા જણાતી નથી. જે સંજોગોમાં આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ

ગયેલ હોય મુદા નં. ૧નો જવાબ નકારમાં આપી, મુદા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::: આખરી હુકમ :::**

**(૧)** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧)અન્વયે સદર કામના **આરોપીઃ ધર્મેશભાઈ રમેશભાઈ વાઘરી,**ઉ.વ.૧૯, રહે. બેઠવા, ગાયત્રી મંદીર પાસે, તા. ઉમરેઠ, જી.આણંદ.નાઓને ધી પ્રોહીબીશન એકટ ની કલમ–૬૫(એ)(એ), ૧૧૬(ખ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** મુદ્દામાલ દારૂનો અપીલ સમયે વીત્યેથી નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીને અગાઉ આપેલ જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૧૦ મી, માહે ઓગસ્ટ , સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ઉમરેઠ.

તારીખ : ૧૦/૦૮/૨૦૨૬

**( શાલિની એસ. બારઠ )**
જ્યુ. મેજી. ફર્સ્ટ કલાસ,
ઉમરેઠ, આણંદ
**(JUDGE CODE GJ-01573)**

S.B.Zala-Guj.Steno